સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

વિદેશે જમીથી આબરૂના ઉડે છે ધજાગરા!
વિદેશી બેન્કોમાં ય ઈમેજના ઉડે છે કાંકરા!
મજાગરાં થઈ ગયાં ઢીલાં ઢંકાયના ઈજત -
આવે ન ઉંઘ ચિંતામાં આંખે ઉડે છે ઉજાગરા !

હાઈકુ

ડૂબ્યું દેવામાં
ભારત છે ભીંસમાં
ધો કોઈ 'રસી'

તૂટ્યો વેપારી
ખાય પ્રજાના નાણાં
લૂંટે છે બેંક...

ચિંતન

કરત ન સમુઝત જુઠ ગુન, ભયે સુનત મતિ રંક ।
પારદ પ્રગટ પ્રપંચમય, સિદ્ધિઉ નાઉં કલંક ॥

ઉપરોક્ત સાખી કબીર વાણીમાંથી લેવામાં આવેલ છે.

વિષયોની ચેષ્ટા કરતા મનુષ્યો એટલું સમજતા નથી કે તેમાં ક્યાંક સુખ નથી. વિષયોના ખોટા ગુણોને સાંભળતાં જ તેમની મતિ રંક બની જાય છે. અર્થાત્ વિષયોની પ્રાપ્તિ માટે એમનું મન લલચાઈ ઊઠે છે. આ પ્રપંચમય વિષયસુખ પ્રત્યક્ષ પારા સમાન જ છે, જે સિદ્ધિ થાય તો પણ તેનું નામ કલંક જ છે. અર્થાત્ જે પ્રમાણે પારો સેવનમાં ઝેરી છે, પછી તે કાચો હોય કે સિદ્ધ, તેનું સેવન કરવાથી મૃત્યુ જ થાય છે. તે પ્રમાણે વિષયોની પ્રાપ્તિ પ્રયાસ અને તેનું સેવન મનુષ્યને માત્ર કલંકિત જ નહીં, તેનું અધઃ પતન કરાવે છે.

વિષય વાસનાની અતિશયતા માણસને કલંકિત તો કરે જ છે અને શરીર ને પણ વિષયભોગથી નબળું-રોગગ્રસ્ત કરી મૃત્યુ આપે છે. વિષય વાસના પર કાબૂ રાખી સંયમિત જીવન જીવવું જોઈએ.

સુવિચાર

- મેરે વક્ત કા તકાઝા વો રબ હી જાને... મિટા કર બનાવે કા સબબ અબ વો હી જાને... - **અબ્દુલ નઈમ**
- મનુષ્યત્વનાં સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે એવો નિશ્ચય કરવો જોઈએ - **અમૃતબિંદુ**
- મેં મારા જીવનમાં એ બહુ મોડું જાણ્યું કે 'હું નથી જાણતો' એટલું કહેવું એ કેટલું બધું સારું છે - **સમરસેટ મોમ**
- લગ્નજીવનમાં 'હું તને ચાહું છું' જેવું જ બીજું સમર્થ વાક્ય છે : 'તમે કદાચ સાચા હશો' - **ઓટેન આર્નોલ્ડ**
- તમારે સુખ જોઈતું હોય તો દિવસના ૨૪ કલાક હોવા છતાં ૨૮ કલાક જેટલું કામ કરો, નવરા ન પડો જેથી દુઃખ યાદ જ ન આવે, નવરાશ જ બધી આપત્તિઓને જન્મ આપે છે - **બર્નોડ શો**
- આપણું દુઃખ તો દુઃખ નથી કાંઈ, રાઈનો કર્યો પહાડ, અમરત જેવી ધરતી પર, વિષનાં વાવ્યાં ઝાડ - **રમેશ પુરોહિત**
- આજનું ઔષધ : આંમણા પાઉડર સાથે ગુલાબજળની પેસ્ટ બનાવી ફેસપેક તરીકે વાપરવાથી તૈલી ત્વચાનો ઉપચાર થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

હરિદાસજી મહારાજ ખૂબ જ ભક્તિભાવ પૂર્વક હરિકથા કરતા. સાત ગામના જમીનદાર શ્રી હિરાલાલ મજમુદારે હરિકથા બેસાડેલી. હરિકથા દરમિયાન હરિદાસે કહ્યું, 'ભક્તિ અને ભાવથી પ્રભુનું નામ લેવાથી દિલમાં પ્રેમ અને ભક્તિનો સંચાર થાય છે અને તે મન, હૃદયનાં બધાં મેલ ધોઈ નાખે છે. હરિનામનું આ જ મોટું ફળ છે.'

જમીનદાર મજમુદારના એક કર્મચારીને આ બધું અંધવિશ્વાસ જેવું લાગ્યું. તેણે કથામાં વચ્ચે ઊભા થઈ ચેલેન્જ આપી. 'જો હરિનામથી માનવમાંથી નીચતા અને છળકપટ નાશ પામે તો હું મારું નાક કપાવીશ.'

હરિદાસજી મહારાજ ને પણ પેલા વ્યક્તિની વાહિયાત ચેલેન્જ પર ગુસ્સો આવ્યો. હરિદાસજીએ સામે ચેલેન્જ આપતાં કહ્યું. 'હરિનામ અને જપથી સ્વભાવદોષમાંથી મુક્તિ ન મળે તો હું પણ નાક કપાવી નાખવા તૈયાર છું.'

ત્રણચાર મહિના બાદ એક વિચિત્ર ઘટના ઘટી. પેલો કર્મચારીનું નાક કુષ્ટરોગ થવાથી ગળી પડ્યું. તેને ખૂબ પશ્ચાતાપ થયો, તેને પોતે કરેલાં પાપનું ફળ મળ્યું છે એવું માન્યું.

...મન તૂટ્યાં ક-વેણ નહીં સાંધો નહીં રેણ

તંત્રીસ્થાનેથી...

એક વાર કોઈ વ્યક્તિ સાથે કડવા શબ્દોની આપ-લે થઈ જાય છે એ પછી એની સાથે ઔપચારિક બોલચાલના સંબંધો તો ચાલુ રહી શકે પણ દિલથી એના પ્રત્યે જોડાવાનું અઘરું બની જાય છે. સામાન્ય માણસોને લાગુ પડતો આ નિયમ વડાપ્રધાન અને મુખ્યમંત્રી જેવી જવાબદારીવાળી જગ્યાઓ પર આરુઢ મહાનુભાવોને પણ લાગુ પડે છે. પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી મમતા બેનરજીને જાહેરમાં 'દીદી, ઓ દીદી' કહી મોટા અવાજે પડકારો ફેંક્યા હતા હતા અને સોમ મમતા બેનરજીએ વડાપ્રધાન અને ગૃહપ્રધાન જેવા મહાનુભાવો માટે બંધારણીય શબ્દાવલીથી બહારનાં વિશેષણો વાપરીને દાઝ કાઢી હતી. એ જીવ સટોસટની લડાઈમાં મમતા બેનરજી એમની પોતાની નંદિગ્રામ બેઠક પરથી હારી ગયાં હતા પણ ૨૦૧૩ જેટલી માતબર બેઠકો જીતીને વડાપ્રધાનની પાર્ટીને પૂરા હાલે પરાજિત કરી ફરી એકવાર એટલે કે ત્રીજી ટર્મ માટે પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી તરીકે પુનઃસ્થાપિત થયાં હતાં. શરૂથી જ મોદી સાથે છત્રીસનો આંકડો ધરાવતાં મમતા બેનરજીની જીભ તલવાર જેવી છે. એવું જ ઉગ્રતાભર્યું છે એમનું વર્તન, જે પ્રોટોકોલ જેવી લક્ષ્મણરેખાઓને ધરાર ઓળંગી પોતાની મનસૂફી મુજબનું હોય છે. યાસ વાવાઝોડાએ વેરેલા ભારે વિનાશનું હવાઈ નિરીક્ષણ કરવા અને સ્થળ પર જઈ નુકસાનીનો અંદાજ મેળવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોલકાત્તા હવાઈ અડ્ડે પહોંચ્યા ત્યાં કેન્દ્ર દ્વારા નિયુક્ત રાજયપાલ તો એમના સ્વાગત માટે હાજર હતા પણ અગાઉથી કતરાતાં રહેલાં મુખ્યમંત્રી ગાયબ હતાં. એટલું ઓછું હોય એમ અધિકૃત સરકારી બેઠકમાં પણ તેઓએ વડાપ્રધાન પ્રત્યેનો અણગમો દર્શાવવા અડધો કલાક મોડાં જઈ, વાવાઝોડાની તારાજગીનો અહેવાલ પકડાવી તાબડતોબ નીકળી જવાનું પસંદ કર્યું. એમની સાથે રાજયના મુખ્ય સચિવ પણ મોડા જ પહોંચ્યા. આ પ્રોટોકોલના ભંગ ઉપરાંત બંધારણીય દૃષ્ટિએ વડાપ્રધાનનું અપમાન જ હતું. મમતા બેનરજીએ પોતાને મિટીંગની સમયસર જાણ નહીં કરાઈ હોવાનું કહી પોતે અન્ય બેઠક બોલાવી હોવાનું જણાવી રવાન થઈ જવાનું પસંદ કર્યું. એમણે પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાએ વેરેલા વિનાશ પેટે, સવિશેષ સુંદરવનને પુનઃ પલ્લવિત કરવા માટે વીસ હજાર કરોડ જેવી મોટી રકમની માગણી કરી હતી. જયારે વડાપ્રધાને ઓડિશાની જેમ પશ્ચિમ બંગાળને માત્ર ૫૦૦ કરોડ ફાળવી ઈતિશ્રી કરી દીધી. ગુજરાતના વાવાઝોડામાં વડાપ્રધાને એથી બમણી રકમ ફાળવી હતી. સમસમી ગયેલા વડાપ્રધાને તાબડતોબ રાજયના મુખ્યસચિવને પશ્ચિમ બંગાળની સરકાર છૂટા કરે અને દિલ્હી મોકલી આપે એવા આદેશો કરાવ્યા છે. મુખ્ય સચિ મમતા બેનરજીના વિશ્વાસુ હોવાને લીધે નિવૃત્ત થયા પછી પણ મુખ્યમંત્રીએ એમને પદ પર ચાલુ રાખ્યા હતા. વડાપ્રધાને પ. બંગાળની એમની બેઠકમાં મમતા બેનરજી સામે નંદિગ્રામની બેઠક પર વિજયી થયેલા અને પછી વિધાનસભા વિરોધપક્ષના નેતા તરીકે નિયુક્ત કરાયેલા શુભેન્દુ અધિકારીને હાજર રાખ્યા તે બાબતે મમતા બેનરજી નારાજ હોવાનું કહેવાય છે. ઉચ્ચ પદો પર બેઠેલા મહાનુભાવોએ આવા પૂર્વગ્રહોથી મુક્ત રહેવું જોઈએ પણ મમતા બેનરજીની પ્રકૃતિ જાણનારા સમજે છે કે તેઓ આવી બાબતોથી નારાજ ના થાય તો જ નવાઈ. દેશના સંસદીય માળખામાં રાજયોને મહદંશે સ્વાયત્તતા હોવા છતાં કેન્દ્ર પાસે જ અંતિમ સત્તા છે છે તે મમતા બેનરજી પણ જાણે છે. વડાપ્રધાન મોદીએ પણ લોકપ્રિય મુખ્યમંત્રી ચિડાય એવી બાબતો ટાળવી જોઈએ. આખરે પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન ભલે સ્થાપિત ન કરી શકાયું હોય પણ એ ભારતનું એક મહત્ત્વનું મોટું રાજય છે એટલું તો સ્વીકારવું જ પડશે. બેઉ મહાનુભાવો વચ્ચેના અણબનાવમાં કોઈ 'ટ્રબલ શૂટર'ની પણ શક્યતા નથી ! લોકશાહી રાષ્ટ્રની આ પણ કેવી વિડંબના...

શ્વાસ ખૂટે અને વિશ્વાસ તૂટે તેની કોઈ દવા નથી

આરપાર

રાઘવજી માધડ

એક શેઠ, શાહુકારનો ભવ્ય બંગલો જોવા મિત્ર આવ્યો. પણ તે એક જગ્યાએ ઉભો રહી, મોં બગાડતો હતો.શેઠે પૂછ્યું : 'શું થયું !?' તો જવાબમાં મોં મચકોડીને કહે: 'જુઓને અહીં વાસ આવે છે !' શેઠ સઘળું સમજી ગયા.સંડાસ જોઈ તેને વાસ આવે છે.તો કહ્યું :'ભલા માણસ, ત્યાં શું કરવા ઉભો છો, ઘરમાં બીજું ઘણું જોવા જેવું છે !' કોઈ માણસની પ્રકૃત્તિ જ હોય નબળું, ખરાબ જોવાની. વળી તેને સારું સોય જેવડું ને ખરાબ પહાડ જેવું લાગે. ગીધ આકાશમાં ગમે એટલો ઊંચે જાયતો પણ તેની નજરતો નીચે પડેલા મડદા પર જ હોય !

કોરોના કાળમાં ઘણું નબળું,ખરાબ કે અપેક્ષા બહારનું બન્યું છે એ હકીકતને સ્વીકાર્યા વગર છૂટકો નથી. દર્દી માટે જરૂરી દવા કે બેડ ન મળે, ક્યાંક ડુપ્લીકેટ ને કાળા બજાર થાય, પૃથ્વી પરનો કોઈ દેવ દાનવ બને... અને મૃતદેહની અંતિમક્રિયા માટે સ્મશાનમાં લાઈનો લાગે. તેમાં પણ ભ્રષ્ટાચારનો ભોરિંગ ફૂંફાડા મારે ! આ બધું માણસના લાગણીતંત્રને લકવાગ્રસ્ત કરનારું તો છે પણ સૌથી મોટું ને ખોટું તો વ્યક્તિના વિશ્વાસ તૂટવાનું હોય છે. આવી બેહાલ ને બિહામણી સ્થિતિમાં કોના પર વિશ્વાસ મૂકવો તે પ્રશ્ન થાય છે.

પણ મૂળ મુદ્દો તો આ મહામારી વચ્ચે પોતાના જીવની જોખમે પણ નિસ્વાર્થભાવે સેવા કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓની પ્રમાણમાં નોંધ ઓછી લેવાય છે. ભલે તેઓને પ્રસિદ્ધિની કોઈ તમા હોતી નથી. પણ સમાજ સામે તો અરીસો ધરી શકાય, બધું જ બગડી ગયું છે એવું નથી પણ ઘણું સારું ને પ્યારું છે. ખારા જળ વચ્ચે અનેક મીઠી વીરડીઓ છે. આવું લોકો સામે આવે તો તેઓને અન્યની સેવા કરવાની પ્રેરણા મળે તો ઠીક છે પણ પોતાની જાત અને જગત પ્રત્યેનો વિશ્વાસ તૂટતો અટકે. તેમને જગત જીવવાનું લાગે. અંતે માણસ આ જગતમાં જીવવા ને જીવી જવા માટે આવ્યો છે. અનેક લોકો ઉત્તમ જીવી ગયાના દાખલા છે.

ગુજરાતમાં ઘણાં ન્યુઝ પેપર, મેગેઝિન...પોઝીટીવ સમાચારને વિશેષ મહત્વ આપી લોકોના શ્રદ્ધા અને વિશ્વાસના બુઝાતા દીવડામાં દિવેલ પૂરવાનું કાર્ય કરે છે. વડોદરાથી પ્રગટ થતા 'ફીલિંગ્સ' મેગેઝિને 'સેવા પરમો ધર્મ' નામે વિશેષાંક કરી સેવાભાવી સંસ્થા ને વ્યક્તિઓની નોંધ લીધી છે. શ્રી અતુલ શાહે તંત્રી સ્થાનેથી લખ્યું છે : 'ગુજરાત અને ગુજરાતીઓ સેવાનું નામ આવે એટલે ક્યારેય પાછા ના પડે. ચાહે એ પૂર હોય,ભૂકંપ હોય કે તાઉતે જેવી કુદરતી આફત હોય... દુનિયા આખી એને અનુસરવા પ્રેરાય એવું તે કાર્ય કરી બતાવે છે. ગુજરાતી બંધુઓ ભલે ખાવા, પીવા ને ફરવાના શોખીન હોય. પણ આફતના સમયે તેઓ હંમેશા અડીખમ રહ્યા છે.ભૂકંપમાં નષ્ટ થઇ ગયેલા કચ્છને ફરી પાછું બેઠું આ ગુજરાતીઓ જ કર્યું છે. આવા અદના ગુજરાતીઓએ આજની કોરોના મહામારીના દોરમાં પણ હિંમત હાર્યા વગર લોકોની સહાય માટે સેવાનો ધોધ વહાવી'સેવા પરમો ધર્મ' ઉક્તિને સાર્થક કરી છે. કોરોનાના આ કપરા કાળમાંથી પસાર થઇ રહેલા લોકોને હિંમત આપી તેમને જીવવાની પ્રેરણા આપવાનું ઉમદા કાર્ય તેઓ કરી રહ્યા છે.' આવું કહી આ મેગેઝિને પણ ઉમદા કાર્ય કર્યું છે. તંત્રી અને તેમની ટીમને અભિનંદન આપવામાં રતિભાર કસર, કંજુસાઈ કે કરકસર કરવી ગરવા ગુજરાતી તરીકે કોઈને પાલવે નહીં એવું વલણ હવે કેળવાવું જોઈએ.

કોઈના શ્વાસ ખૂટે તો તેની જડીબુટ્ટી જડે નહીં પણ લોકોનો શ્રદ્ધા વિશ્વાસ ડગમગવા લાગ્યા છે. કોઈ ચીજ-વસ્તુ ખરીદો એટલે તેમાં શંકા ઉપજે છે નકલી કે ભેળસેળવાળું તો નહીં હોય ને !? માર્કેટમાંથી ખરીદેલા ગાજર ખાધા,મીઠા લાગ્યા... ને વળતી પળે શંકા જાગી સેફ્રિનમાં બોળેલા તો નહીં હોયને !?

કોઈ ડોક્ટર દવા લખી આપે કે રીપોર્ટ કરાવવાનું કહે ત્યારે ડોક ટટ્ટાર થઇ જાય છે. વેક્સિનેશનની વાડમાં પડેલું ગાબડું ક્યારે બુરાશે ? એક ડોઝ લીધો. હવે બીજા ડોઝનું કાંઈ નક્કી થાતું નથી...આ માત્ર ઉદાહરણ જ છે. આ વરવી વાસ્તવિકતા વચ્ચે પણ ઘણું સારું, સેવાકાર્ય થઈ રહ્યું છે તે બહાર આવું જોઈએ. તેનાથી જ લોકો ની આશા જીવંત રહેશે. ભલે બધું જ ખૂટે પણ માણસનો વિશ્વાસ ક્યારેય તૂટવો, છૂટવો કે ખૂટવો ન જોઈએ.

છેલ્લે :

હતું કે આખો બગીચો આપણો છે પણ વાવાઝોડામાં એક પાંદડું પણ હાથમાં ન રહ્યું !

http://raghavjimadhad.blogspot.com, Mo. 94270 50995

યુવાનો : ગર્લફ્રેન્ડ / બોયફ્રેન્ડ અને બગડતી કારકિર્દી

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આ ૨૧મી સદી સંઘર્ષની સદી છે, જ્ઞાનની સદી છે, સ્પર્ધાની સદી છે, જીતવાની સદી છે, ચાંદ અને મંગળ ઉપર પહોંચવાની સદી છે, સમુદ્રના તળિયે બંગલો બનાવી રહેવાની સદી છે, હવામાં તરતી હોટેલોમાં ડિનર લેવા જવાની સદી છે, આ સદીમાં જ લોકો ટેકનોલોજીથી, જ્ઞાનથી, હવામાં તરી - ઊડી શકતા હશે, આ સદીમાં સ્કૂલોમાં શિક્ષકોને બદલે ઘરમાં રોબોર્ટ શિક્ષણ આપતા હશે. આ બધી કાર, ટ્રેનો, બસ... ૨૫/૩૦ વર્ષ પછી આ બધુ અત્યંત ગરીબ અને અજ્ઞાન લોકો માટે હશે, બાકીના સૌ હવામાં તરી - ઊડી શકતા હશે, આ સદીમાં પૃથ્વી ઉપર નવા ચન્દ્રો, સૂર્યો બનશે, જે રાત્રે પણ પ્રકાશ આપશે, આ સદીમાં હજી અનેક નવા ચમત્કારો થવાના બાકી છે.

આમ છતાંય આજના યુગના મોટાભાગના ભારતીય યુવાનો ખાસ કરીને ગુજરાતી યુવાનો આવી બધી બાબતોથી વંચિત થઈને પોતાની નિજી જિંદગીમાં શૉર્ટકટથી સુખ મેળવવાના પ્રયાસો કરી રહ્યા છે. કેટલુક સુખ યોગ્ય ઉમરે મળે તે જ યોગ્ય છે પરંતુ આજે ફિલ્મો અને સોશિયલ મીડિયાની અસરને કારણે યુવાનોમાં શારિરીક આકર્ષણ કિશોરાવસ્થાથી જ શરું થઈ જાય છે અને એ પ્રાપ્ત કરવા મથે છે. અને આ ઉમરમાં જે શિક્ષણ સરખી રીતે થવું જોઈએ તે થતું નથી હોતું.

આજે મોટાભાગના માતા પિતાઓ પોતાના સંતાનોને વિદેશમાં કેનેડા, અમેરિકા કે ઓસ્ટ્રેલિયા અભ્યાસ કરવા (સ્થિર કરવા) મોકલવા તત્પર હોય છે અને આ માટે લાખો રૂપિયા ખર્ચીને મોકલે પણ છે. જો કે ત્યા જઈને સારી રીતે અભ્યાસ કરીને મહેનતથી સ્થિર થાય તો તો સારી વાત છે પરંતુ જે યુવાન અહીં પોતાની એવી કોઈ ટેલેન્ટ નથી બતાવી શક્યો, અભ્યાસમાં પણ બહું સારું પરિણામ નથી, મહેનતું નથી એવા યુવાનો જ્યારે માતાપિતાની ઈચ્છાથી કે મિત્રોની દેખાદેખીથી કે કોઈની સલાહથી વિદેશ જતા હોય તો તેમણે ચેતવાની જરૂર છે. કેમ કે વિદેશમાં મોટેભાગે વ્હાઈટ કૉલર જોબ નથી. ચોખ્ખી મહેનત કરવાની છે. વળી ત્યાં કોઈ પારિવારિક વાતાવરણ કે સંસ્કાર નથી, કોઈ બંધનો નથી, બધુ ખૂલ્લું છે. તેથી મોટાભાગના યુવાનો ત્યા જઈને આ ખૂલ્લી દુનિયાની મોહમાયામાં ફસાઈ જાય તો પછી કારકીર્દિ એક બાજું રહે છે. અને પછી આખી જિંદગી કોઈ હૉટેલ-મૉટેલ, મૉલ, દુકાન કે ફેકટરીઓમાં મજુરી કરીને વિતાવવી પડે છે.

એમ કહેવાય છે કે યુવાની એટલે આનંદ, ઉત્સાહ અને સાહસથી ભરેલ ઉંમર છે. પરંતુ હું એમ કહું છું કે યુવાની એટલે ઉત્સાહ, સાહસ અને સંઘર્ષથી ભરેલ ઉંમર હોવી જોઈએ, જે યુવાનીમાં સંઘર્ષ નથી, પડકારો નથી, પ્રશ્નો ને સમસ્યાઓ નથી તે યુવાનીની પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા અતિ સંઘર્ષમાં વિતે છે. પણ આપણે ત્યા આજકાલ આનાથી વિપરિત સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. મોટાભાગના માતા પિતાઓ પોતાના સંતાનોને યુવાનીમાં ખૂબ આનંદ, મોજ મજા અને મસ્તી કરવા દે છે. યુવાન દીકરા-દીકરીઓની તમામ ઈચ્છાઓ પુરી કરે છે, સારી વાત છે, સંતાનોને સૌ સુખી કરવા જ ઈચ્છે છે, પણ જે ૨૦/૨૨ વર્ષના યુવાનને માતાપિતાના પૈસે મોજ શોખ પુરા કરવાની આદત પડી જાય છે તે યુવાન કદાચ માતાપિતાની સંપતિનો વારસો તો મેળવશે પણ દુનિયા સાથે સંઘર્ષ કરવાની તાકાત, સૂઝ કે સમજણ એનામાં નહીં હોય તો ગમે તેટલી સંપતિ વારસામાં મળી હશે એ બધી ધીમે ધીમે ખૂટી જ જવાની છે. કેમ કે બીજા દ્વારા મળેલ સુખ અને સંપતિ વ્યક્તિને આળસુ અને શક્તિહીન બનાવે છે. પરંતુ જો યુવાનીમાં સાહસ અને સંઘર્ષ કરીને સફળતા મેળવી હશે તો આખી જિંદગી સુખ અને સંપતિ તો રહેશે પણ તેમના સંતાનોને પણ એ સાહસ અને સંઘર્ષની ગાથા કહીને સંસ્કારિત કરશે, સંઘર્ષ અને મહેનત કરતા શીખવશે.

મિત્રો, દુનિયાનું એકેય મોટું થયેલું વૃક્ષ એવું નહીં હોય કે જેણે મોટા થતી વખતે ઉનાળાના ધોમધખતા તડકાઓ, ચોમાસાની આંધીઓ, વાવાઝોડાઓ, પાણીના પૂર, તોફાનોનો, શિયાળાની કડકડતી ઠંડીનો સામનો ના કર્યો હોય. વૃક્ષમાં જીવ તો છે જ, એને પણ બધી ઋતુઓની અસર થતી હોય છે, વૃક્ષ પાસે તો પોતાનું ઘર પણ નથી. પરિવાર પણ નથી. એકલું ઊગે છે. તડકાને સહન કરે છે. આંધી, વાવાઝોડું, તોફાનો અને વરસાદને ઝેલે છે. પછી જ એ વટવૃક્ષ બને છે. ફળ અને છાંયો આપે છે. ઓક્સીજન આપે છે. સો બસોથી હજારો વર્ષ સુધી ટકી રહે છે. પણ દુખની વાત એ છે કે આજના માબાપ અને સંતાનો પ્રકૃત્તિની આ શીખ ભૂલી ગયા છે. આજે દરેક માતાપિતા સંતાનોની આસપાસ સૂરક્ષાની એક દીવાલ બનાવી દે છે. અને આ દીવાલ મોટેભાગે રૂપિયાની બનેલી હોય છે. તેથી સંતાનને રૂપિયાનું મૂલ્ય જીવનભર સમજાતું નથી. મહેનત કે સંઘર્ષનું મૂલ્ય સમજ્યા વિના માતા પિતા દ્વારા પ્રાપ્ત નોકરી કે ધંધો તો મળી જશે પણ એને આગળ વધારી શકતા નથી. કેમ કે બહારની દુનિયામાં નોકરી હોય કે બિઝનેસ... સંઘર્ષ અને મહેનત બધે જ છે. જેમાં વ્યક્તિગત સ્વભાવ અને સૌની સાથે ખૂબ જ સારા સંબધો હોવા જરૂરી છે.

આજે ફિલ્મો, સિરીયલ, વેબસિરીઝ અને સોશિયલ મીડિયાને કારણે યુવાનોમાં આજે ગર્લફ્રેન્ડ / બોયફ્રેન્ડની એક ફેશન બની ગઈ છે, મોટાભાગના યુવાનો એવું માનતા થઈ ગયા છે કે સ્કૂલમાંથી કૉલેજમાં આવ્યા એટલે ગર્લફ્રેન્ડ / બોયફ્રેન્ડ તો જોઈએ જ. ઘણા તો સ્કૂલ સમયથી જ શરું કરી દે છે. અગાઉના વર્ષોમાં કૉલેજમાં ત્રણ વર્ષ એક જ ક્લાસમાં સાથે ભણતા હોવા છતાંય છોકરો કે છોકરી એકબીજાને પ્રપોઝ કરી આઈ લવ યુ કહીં શકતા નહોતા. એનું કારણ ડર નહીં પણ સમજદારી હતી, સન્માન હતું, સંસ્કાર હતા. જયારે આજે પહેલી જ મૂલાકાતમાં મોબાઈલ નંબર અને બીજા દિવસે વૉટ્સપમાં આઈ લવ યુ સુધી પહોંચી જાય છે. અને હૉટેલોમાં, મૉલમાં, મિત્રોના ઘેર, ગાર્ડનમાં કે થિયેટરોમાં મુલાકાતો શરું થઈ જાય છે. અને જો મીઠો મધૂરો પ્રેમરસ, શૃંગારરસ (રોમાન્સરસ) મળતો થઈ ગયો તો ભલભલા યુવાનોને અંધ બનાવી દે છે. અને જો શારીરિક સંબંધ સુધી ગયા તો પછી યુવક કે યુવતીને બીજું કશું સૂઝતું જ નથી. અભ્યાસ, કારકીર્દિ, સંઘર્ષ, સમજદારી, સંસ્કાર બધુ એક તરફ રહી જાય છે. આ ઉંમર એકબીજા પ્રત્યે આકર્ષિત થવાની છે. પ્રેમ કરવાની છે. એકબીજાને સમજવાની છે. પણ એ બધુ એક મર્યાદામાં રહીને. સામાજિક – પારિવારિક દાયરામાં રહીને જો એ સ્વીકૃત થાય તો ઘણા બધા વિપરિત અને દૂષ્પરિણામોથી બચી શકાય છે. મોટાભાગના યુવાનો માતાપિતાથી છૂપાવીને આવા સંબંધો બાંધે છે. અને આગળ જતા વિપરિત પરિણામો ભોગવવા પડે છે. માતાપિતા દ્વારા મળેલી તમામ છૂટ, આર્થિક સ્વતંત્રતા અને કોઈપણ પ્રકારની રોકટોક વિના ઉછરેલા યુવાનો થોડા વર્ષો તો ગર્લફ્રેન્ડ / બોયફ્રેન્ડ સાથે મોજ મજા કરી લે છે. પરંતુ આ સમય જ ઉચ્ચ શિક્ષણનો હોય છે જેમાં તેઓ ધાર્યું પરિણામ લાવી શકતા નથી. નિષ્ફળ જાય છે. અને આજે સૌ જાણે છે કે આ સ્પર્ધા ને સંઘર્ષનો યુગ છે. અહીંયા સેકન્ડ નંબરની કોઈ વેલ્યૂ નથી. અને દરેક ક્ષેત્રમાં, ફેકલ્ટીમાં, ફિલ્ડમાં પ્રથમ નંબર લાવવા માટે કેટલી સખત મહેનત ને સંઘર્ષ કરવાં પડે છે એ તો સફળતા મેળવનાર જ જાણે છે. જે જે યુવાનો ગર્લફ્રેન્ડ / બોયફ્રેન્ડના ચક્કરમાં પડ્યા વિના માત્ર શિક્ષણ પર, કારકીર્દિ પર ધ્યાન આપ્યું છે. માતાપિતાએ આપેલી આર્થિક સ્વતંત્રતાનો ઉપયોગ ઉચ્ચ શિક્ષણમાં કરીને, મહેનત અને સંઘર્ષ કરીને, અનેક કઠિન પરીક્ષાઓ પાસ કરીને, સી.એ, ડોક્ટર, સરકારી ઓફિસર કે વૈજ્ઞાનિક કે ઉધોગપતિ બન્યા છે જેમણે પોતાની યુવાનીના ૧૮થી ૨૫ વર્ષ શિક્ષણ, સંઘર્ષ અને મહેનતમાં આપ્યા છે તેઓ આજે કોઈ મોટા પદ ઉપર છે કે પોતાની કંપનીના માલિક હશે. લાખો રૂપિયા કમાઈને પોતાના માતાપિતાના, પરિવારના તમામ સપનાઓ પુરા કરી રહ્યા હોય છે. સમાજમાં એક પ્રતિષ્ઠિત સ્થાન બનાવીને આખી જિંદગી સુખ, શાંતિ અને સમૃદ્ધિમાં વિતાવે છે. અને જે યુવાનો ગર્લફ્રેન્ડ / બોયફ્રેન્ડના ચક્કરમાં પડી પ્રેમના ઉભરાઓ, વૉટ્સપના પ્રેમપત્રો, વિડીઓ કૉલ અને વારંવાર મૂલાકાતોમાં ૧૮થી ૨૫ વર્ષ મોજમજામાં પસાર કરે છે તેઓએ પછી આખી જિંદગી કોઈ પ્રાઈવેટ કંપનીમાં કે પોતાની કોઈ નાનીમોટી દુકાનમાં કે ધંધામાં સંઘર્ષ કરીને જિંદગી જીવવી પડે છે. અને આવી જિંદગી અનેક સમસ્યાઓથી ભરેલી હોય છે.

મિત્રો, હું ચોક્કસપણે માનું છું કે જે યુવાનોનું જીવન ૧૫થી ૨૫ વર્ષ સંઘર્ષમાં પસાર નથી થતું તે યુવાનોએ ૨૫ વર્ષથી જીવનના અંત સુધી સંઘર્ષ કરવો પડે છે. અને જેણે ૧૫થી ૨૫ વર્ષ મહેનત, સંઘર્ષ કરી લીધો છે તેણે જીવનભર સંઘર્ષ નથી કરવો પડતો. અને સંઘર્ષ કે સમસ્યાઓ આવે છે તો પણ તે હિંમતથી એને હલ કરી શકે છે. મિત્રો, દુનિયામાં કોઈપણ ક્ષેત્રની મહાન વ્યક્તિના જીવન વિશે જાણશો તો સમજાશે કે મોટી અને ભવ્ય સફળતાની પાછળ મોટો અને ભવ્ય સંઘર્ષ પણ છૂપાયેલો હોય છે.

-9426060601.india@gmail.com

આયુર્વેદ અને એલોપથી : સરખામણી નિરર્થક છે..!

રગળપાટ

અજય ઉપાધ્યાય

જ્યારથી કોરોના મહામારીની શરૂઆત થઈ છે ત્યારથી માંડીને અત્યાર સુધી કોરોનાના ઉપચાર માટે રોજરોજ નીત નવી દવાઓ બજારમાં આવતી રહી છે અને ખૂબીની વાત એ છે કે સમયાંતરે એમાની ઘણીબધી દવાઓની ઉપયોગિતા પર શંકાના વાદળો છવાતા રહ્યા છે. રેમડેસીવીર,ટોસીલીઝૂમાબ જેવા દાખલા મોજૂદ છે. કોરોનાને આવ્યે એક વર્ષથી વધુ થઈ ગયું પણ હજુ એલોપથીમાં કે આયુર્વેદમાં કોઈ ચોક્કસ કે અકસીર દવાનો અભાવ છે. ડૂબતો માણસ તરણું જાલે એ ન્યાયે કોરોનાના શરૂઆતીકાળથી જ એલોપથીની સાથે સાથે આયુર્વેદિક દવાઓ અને સારવારનો પણ ટ્રેન્ડ શરૂ થયેલો. ઉકાળા. કાઢા, આયુર્વેદિક નાસ, આયુર્વેદિક દવાઓ, ઈમ્યુનિટી બુસ્ટર્સ જેવા ઉત્પાદનો અને યોગ – પ્રાણાયામ હજુ પણ ઈનથિંગ છે જ. જ્યાં સુધી અતિગંભીર બીજો વેવ ના આવ્યો ત્યાં સુધી એ ટ્રેન્ડ બરકરાર પણ રહ્યો અને હજુ પણ ઈમ્યુનિટી બુસ્ટિંગ કે કોરોનાના સામાન્ય લક્ષણોમાં આયુર્વેદિક દવાઓનો બહોળો ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ કોરોનાના બીજા વેવમાં સ્વાભાવિક રીતે ઈમરજન્સી સારવારની જરૂર પડવાને લીધે અંતે તો એલોપથિક સારવાર જ કામ આવી.

આયુર્વેદની સરખામણીમાં એલોપથીમાં સમયાંતરે દવાઓ વધુ બદલાતી રહી છે. જો કે એનો એવો બચાવ કરાય છે કે કોરોનાના સ્ટ્રેન જેમ જેમ બદલે એમ એમ દવાઓ બદલે છે. કોરોનાના કપરાકાળમાં ફાર્મા કંપનીઓએ આવી જ રીતે દવાઓની અદલા-બદલીથી કરોડો રૂપિયા બનાવ્યા છે એમાં કોઈ શંકાને સ્થાન નથી જ અને આ ખેલમાં આયુર્વેદિક દવાઓના ઉત્પાદકો પણ સામેલ છે જ પણ એમનો વ્યાપ મહદઅંશે ઈમ્યુનિટી પૂરતો મર્યાદિત છે.કોરોનામાં આયુર્વે